આસામમાં 5.1ની તીવ્રતાનો ભૂકંપ, બે લોકો ઘાયલ

ગુવાહાટી/મોરીગાંવ, તા. ૫ (પીટીઆઈ): સોમવારે વહેલી સવારે મધ્ય આસામમાં આવેલા ૫.૧ની તીવ્રતાના ભૂકંપમાં બે લોકો ઘાયલ થયા હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.અધિકારીઓએ જણાવ્યું હતું કે, મોરીગાંવ જિલ્લામાં કેટલાંક ઘરોને પણ થોડું નુકસાન થયું હતું, જ્યાં સવારે ૪.૧૭ વાગ્યે ૫૦ કિમીની ઊંડાઈએ ભૂકંપ આવ્યો હતો. અધિકારીઓએ કહ્યું હતું કે, સમગ્ર પૂર્વોત્તરના લોકોએ ભૂકંપના આંચકા અનુભવ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ભૂકંપ મધ્ય-પશ્ચિમ અરુણાચલ પ્રદેશ, મેઘાલય અને નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા અને ઉત્તર પશ્ચિમ બંગાળના કેટલાક ભાગોમાં અનુભવાયો હતો.

મણિપુરના વિષ્ણુપુરમાં વિસ્ફોટમાં 2 લોકો ઘાયલ

ઈમ્ફાલ, તા. 5 (પીટીઆઈ): પોલીસે જણાવ્યું હતું કે, સોમવારે સવારે મણિપુરના વિષ્ણુપુર જિલ્લામાં સતત બે વિસ્ફોટમાં બે લોકો ઘાયલ થયા હતા. પોલીસે જણાવ્યું હતું કે, પ્રથમ વિસ્ફોટ ફુગકચાઓ પોલીસ સ્ટેશન વિસ્તારના નગૌઉકોનમાં એક ખાલી પડેલા ઘરમાં સવારે 5.45 વાગ્યે ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ (આઈઈડી) દ્વારા થયો હોવાની શંકા છે. આ ઘર મે 2023માં રાજ્યમાં વંશીય હિંસા ફાટી નીકળી ત્યારથી ખાલી પડેલું છે, જેના માલિક અને તેનો પરિવાર હાલમાં રાહત શિબિરમાં રહે છે.

પોલીસે જણાવ્યું હતું કે, પહેલા વિસ્ફોટના સમાચાર મળતાં સ્થાનિક લોકો ભેગા થયા ત્યારે બીજો વિસ્ફોટ લગભગ 200 મીટર દૂર સવારે 8.45 વાગ્યે થયો હતો. આ વિસ્ફોટમાં બે લોકો, જેની ઓળખ સનતોમ્બા સિંહ અને ઈન્દુબાલા દેવી તરીકે થઈ છે, તેમને જમણા પગમાં છરા લાગવાથી ઈજા થઈ હતી. ઈજાગ્રસ્ત બન્નેને સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે અને તેમની હાલત ખતરાની બહાર હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે, તેમણે વિસ્ફોટ સ્થળોનું નિરીક્ષણ કર્યું છે અને તપાસ શરૂ કરી છે.

ટ્રમ્પની હાંસી ઉડાડવાનું માદુરોને ભારી પડ્યું?

ન્યૂયોર્ક, તા. ૫: કેટલાક સૂત્રોએ એવો દાવો કર્યો છે કે વેનેઝુએલાના પ્રમુખ ડાન્સ કરી રહ્યા હોય અને ગાઇ રહ્યા હોય તે બાબતે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ટીમને વેનેઝુએલા પર હુમલો કરવા માટે ઉશ્કેરી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, વેનેઝુએલાના નેતા નિકોલસ માદુરોએ તાજેતરના અઠવાડિયામાં જે રીતે ડાન્સ કર્યો અને બેદરકારી દાખવી તેને અમેરિકાએ પોતાની મજાક સમજી હતી, જેનાથી પ્રેસિડેન્ટ ટ્રમ્પની ટીમ એક્શનમાં આવી ગઈ હતી.

બરફની અજાયબી: ચીનના હાર્બિનમાં ભવ્ય 'વિન્ટર ફેસ્ટિવલ'નો પ્રારંભ

બરફનું રેલવે એન્જિન અને વિશાળ કિલ્લાઓ આકર્ષણનું કેન્દ્ર, રંગબેરંગી રોશનીથી ઝળહળી ઉઠ્યું શહેર

ચીનના ઉત્તર પૂર્વીય હેલોંગજીયાન પ્રાંતના હાર્બીન શહેરમાં દર શિયાળામાં હાર્બીન વિન્ટર ફેસ્ટિવલ ઉજવાય છે જેમાં બરફ વડે બનાવાયેલી જાત જાતની કૃતિઓ ભારે આકર્ષણ જમાવે છે. આ વખતે પણ આ શિયાળુ ઉત્સવ હાર્બિનમાં શરૂ થઇ ગયો છે. બરફ વડે બનાવાયેલું રેલવે સ્ટીમ એન્જિન, વિશાળ કિલ્લા જેવી રચના, બીજા જાત જાતના શિલ્પો આકર્ષણ જમાવે છે. રાત્રે રંગબેરંગી રોશની કરવામાં આવે ત્યારે તો ખૂબ અદભૂત દ્રશ્ય સર્જાય છે.

જાપાનમાં રેકોર્ડબ્રેક હરાજી: એક માછલી રૂ. 29 કરોડમાં વેચાઈ!

2019ના 333.6 મિલિયન યેનના રેકોર્ડને તોડ્યો

માછલીનું વજન: 243 કિલોગ્રામ (આશરે રૂ. 11.17 લાખ પ્રતિ કિલો!)

ટોક્યોના તોયોસુ ફિશ માર્કેટમાં નવા વર્ષની પ્રથમ હરાજીમાં એક જાપાનીઝ સુશી રેસ્ટોરન્ટે એક સિંગલ બ્લુફિન ટ્યુના માછલી માટે 510 મિલિયન યેન (3.24 મિલિયન ડોલર) (આશરે રૂ. 29 કરોડ)ની બોલી લગાવી હતી, જે અત્યાર સુધીની સૌથી વધુ કિંમત છે. 243 કિલોગ્રામ વજન ધરાવતી આ બ્લુફિન ટ્યુના માછલી વર્ષ 2026ની પ્રથમ હરાજીમાં રેકોર્ડબ્રેક કિંમતે વેચાઈ હતી. આ કિંમતી માછલી ટોક્યો સ્થિત લોકપ્રિય સુશી રેસ્ટોરન્ટ ચેઈન 'સુશીઝાનમાઈ' ના ઓપરેટર કિયોમુરા કોર્પોરેશન દ્વારા ખરીદવામાં આવી હતી.

કિયોમુરાના પ્રમુખ કિયોશી કિમુરાએ જાપાનના પ્રથમ મહિલા વડાપ્રધાન સાનાએ તાકાઈચીની ચાર મહિના જૂની સરકારનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, "મને આશા છે કે આ વર્ષે અર્થવ્યવસ્થામાં સુધારો થશે. તાકાઈચી પ્રશાસને 'કામ, કામ અને કામ' કરવાનું વચન આપ્યું છે, તેથી સુશીઝાનમાઈ પણ સખત કામ કરશે. મને આશા છે કે આ બોલી દરેકનો ઉત્સાહ વધારશે."

જર્મનીમાં થીજી ગયેલી નહેર બની કુદરતી 'સ્કેટિંગ રિંક'

જર્મનીના મ્યુનિકમાં આવેલા નિમ્ફેનબર્ગ પેલેસ સામે થીજી ગયેલી નિમ્ફેનબર્ગ નહેર પર લોકો સ્કેટિંગ કરી રહ્યા છે.

અમેરિકી ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સના ઘરે તોડફોડ

હથોડી સાથે એક શખ્સની ધરપકડ

સિનસિનાટી (યુએસ), તા. 5 (એપી): યુએસ સીક્રેટ સર્વિસે જણાવ્યું હતું કે, વાઈસ પ્રેસિડેન્ટ જેડી વાન્સના ઓહિયો સ્થિત ઘરની બારીઓ તોડીને અન્ય સંપત્તિને નુકસાન પહોંચાડનાર એક વ્યક્તિની સોમવારે વહેલી સવારે ધરપકડ કરવામાં આવી હતી.

એજન્સીના પ્રવક્તા એન્થોની ગુગ્લિએલ્મીએ એસોસિએટેડ પ્રેસને ઈમેઈલ કરેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે, તે વ્યક્તિને મધ્યરાત્રિ પછી તરત જ સિનસિનાટીના ડાઉનટાઉનથી પૂર્વમાં સ્થિત વાન્સના ઘરે તૈનાત સીક્રેટ સર્વિસ એજન્ટોએ ધરપકડ કરી હતી. તેનું નામ જાહેર કરવામાં આવ્યું નથી.

તપાસ અંગે વાત કરવા માટે જાહેરમાં અધિકૃત ન હોય તેવા બે કાયદા અમલીકરણ અધિકારીઓએ નામ ન છાપવાની શરતે જણાવ્યું હતું કે, સીક્રેટ સર્વિસે મધ્યરાત્રિની આસપાસ ઘરમાં જોરદાર અવાજ સાંભળ્યો અને એક વ્યક્તિ મળી આવી જેણે હથોડીથી ઘરની બારી તોડી હતી અને ઘરમાં ઘૂસવાનો પ્રયાસ કરી રહી હતી.

ISROની મોટી સફળતા: ભારતના પ્રથમ 'ડસ્ટ ડિટેક્ટર' સાધને અવકાશી ધૂળ શોધી કાઢી

ડસ્ટ એક્સપેરિમેન્ટ (DEX) એ સ્વદેશી બનાવટનું સાધન છે જને ગયા વર્ષે PSLV ઓર્બિટલ

એક્સપેરિમેન્ટલ મોડ્યુલ (POEM) સાથે અવકાશમાં મોકલવામાં આવ્યું હતું

આ સાધને શોધી કાઢયું છે કે દર હજાર સેકન્ડે એક અવકાશી સૂક્ષ્મ ટુકડો પૃથ્વી પર ત્રાટકે છે

બેંગલુરુ, 5 જાન્યુઆરી (PTI): ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ISRO) એ સોમવારે જણાવ્યું હતું કે, ભારતમાં બનેલા તેના પ્રથમ 'ડસ્ટ ડિટેક્ટર' ઉપકરણે આંતરગ્રહીય ધૂળના રજકણો (Interplanetary Dust Particles - IDP) શોધી કાઢ્યા છે. આ બ્રહ્માંડી આક્રમણકારી કણો પૃથ્વી પર દર હજાર સેકન્ડે ત્રાટકે છે.

ડસ્ટ એક્સપેરિમેન્ટ (DEX) એ ભારતનું આ પ્રકારનું પ્રથમ સ્વદેશી સાધન છે, જેને ગયા વર્ષે PSLV ઓર્બિટલ એક્સપેરિમેન્ટલ મોડ્યુલ (POEM) પર અવકાશમાં મોકલવામાં આવ્યું હતું. ઈસરો અનુસાર, આંતરગ્રહીય ધૂળના રજકણો (IDPs) એ ધૂમકેતુઓ અને લઘુગ્રહોના સૂક્ષ્મ ટુકડાઓ છે જે આપણા વાતાવરણના રહસ્યમય ઉલ્કા સ્તર (Meteor Layer) ની રચના કરે છે. રાત્રિના આકાશમાં તે ખરતા તારા (Shooting Star) તરીકે દેખાય છે. DEX ને અમદાવાદ સ્થિત ઈસરોની ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી (PRL) દ્વારા વિકસાવવામાં આવ્યું છે. આ સાધન હાઈ-સ્પીડ IDPsને શોધવા અને તેમની અથડામણનો અવાજ સાંભળવા માટે બનાવવામાં આવ્યું છે. આ ડેટા બ્રહ્માંડની સમજને વધુ સ્પષ્ટ કરશે અને ભવિષ્યના માનવ સંચાલિત ઊંડા અવકાશ મિશનો (Deep-space missions) માટે સુરક્ષિત માર્ગ તૈયાર કરવામાં મદદ કરશે.

ઈસરોના નિવેદન અનુસાર, 140 ડિગ્રી વ્યુ ધરાવતા આ ડિટેક્ટરે 1 જાન્યુઆરી, 2024 થી 9 ફેબ્રુઆરી, 2024 દરમિયાન અવકાશી કાટમાળ (ધૂળ) ના અથડામણના સંકેતો સફળતાપૂર્વક નોંધ્યા છે. પૃથ્વીના વાતાવરણમાં 9.5 ડિગ્રીના ઝુકાવ (Inclination) પર કામ કરતા આ ડિટેક્ટરે અનેક 'હિટ્સ' નોંધી છે, જે દર્શાવે છે કે દર હજાર સેકન્ડે એક બ્રહ્માંડી કણ પૃથ્વી પર ત્રાટકે છે.

ખામેનેઈનો 'રશિયા ભાગવાનો પ્લાન'

ઈરાનમાં ભડકો: ટ્રમ્પની 'જોરદાર પ્રહાર'ની ધમકી

જો પોતાના સુરક્ષા દળો બળવો કરે કે તોફાનો ડામવામાં નિષ્ફળ જાય તો રશિયા ભાગી જવાની ખામેનેઇની યોજના તૈયાર હોવાના અહેવાલો

પ્રદર્શનોમાં અત્યાર સુધીમાં ૨૦ લોકોના મોત અને ૨૨૦ થી વધુ શહેરો પ્રભાવિત

વૉશિંગ્ટન, તેહરાન, તા. ૫: ઈરાનમાં બીજા અઠવાડિયામાં પ્રવેશેલા વિરોધ પ્રદર્શનો પર જો સત્તાવાળાઓ કડક કાર્યવાહી ચાલુ રાખશે, તો અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન પર 'ખૂબ જ જોરદાર' પ્રહાર કરવાની ધમકી આપી છે.

રાજધાની તેહરાનથી શરૂ થયેલા આ વિરોધ પ્રદર્શનો હવે સમગ્ર દેશમાં ફેલાઈ ગયા છે, જેમાં અત્યાર સુધીમાં ઈરાની સુરક્ષા દળોના ઓછામાં ઓછા એક સભ્ય સહિત કુલ 20 લોકોનાં મોત થયા છે. આજ સવાર સુધીમાં, ઈરાનના 31 માંથી 26 પ્રાંતોના 220 થી વધુ નગરો અને શહેરોમાં દેખાવો થયા હોવાનું કહેવાય છે - જેના પરિણામે લગભગ 1,000 લોકોની ધરપકડ કરવામાં આવી છે.

ગઈકાલે રાત્રે ટ્રમ્પે કહ્યું હતું કે જો હજુ વધુ પ્રદર્શનકારીઓના મોત થશે તો તેઓ કાર્યવાહી કરશે. એરફોર્સ વન પર પ્રવાસ દરમ્યાન વાત કરતા તેમણે વધુ વિગતો આપ્યા વગર કહ્યું: અમે સ્થિતિ પર બારીક નજર રાખી રહ્યા છીએ. જો તેઓ ભૂતકાળની જેમ લોકોને મારવાનું શરૂ કરશે, તો મને લાગે છે કે અમેરિકા દ્વારા તેમના પર ખૂબ જ જોરદાર પ્રહાર કરવામાં આવશે. આ ધમકીએ ઈરાનના સુપ્રીમ લીડર અલી ખામેનેઈને વધુ ડરાવ્યા હોઈ શકે છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે જો તેમના સુરક્ષા દળો આ વધી રહેલા વિરોધને દબાવવામાં નિષ્ફળ જશે, તો તેમની પાસે રશિયા ભાગી જવા માટેનો 'બેક-અપ પ્લાન' તૈયાર છે. ધ ટાઈમ્સના અહેવાલ મુજબ, 86 વર્ષીય સરમુખત્યાર જો તેમનું સૈન્ય અને સુરક્ષા દળો તેમનો સાથ છોડી દે અથવા પ્રદર્શનોને શાંત કરવામાં નિષ્ફળ જાય, તો તેઓ તેમના 20 મદદનીશો અને પરિવારના સભ્યો સાથે ભાગી જવાની યોજના બનાવી રહ્યા છે. એક ગુપ્તચર સ્ત્રોતે અખબારને જણાવ્યું હતું કે 'પ્લાન B' ખમેની અને તેમના સહયોગીઓ તેમજ પરિવારના નજીકના વર્તુળ માટે છે, જેમાં તેમના પુત્ર અને વારસદાર મોજતબાનો પણ સમાવેશ થાય છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે ખમેનીએ દેશમાંથી બહાર નીકળવા માટે જરૂરી પાયાની તૈયારીઓ કરી લીધી છે, જેમાં 'સુરક્ષિત રીતે બહાર નીકળવા માટે વિદેશમાં સંપત્તિ અને રોકડ એકઠી કરવી' જેવી બાબતો સામેલ છે.

ટેસ્લાના પે-પેકેજ વગર જ મસ્ક રચશે ઈતિહાસ

ઈલોન મસ્ક વિશ્વના પ્રથમ 'ટ્રિલિયોનેર' બનવાની અણી પર

મસ્કની સ્પેસએક્સ કંપનીનો આઇપીઓ બહાર પડે તે પછી ટ્રમ્પનો તેમાં અંગત હિસ્સો રાતો રાત ટ્રિલિયન ડોલરના આંકને પાર કરી શકે છે

ન્યૂયોર્ક, તા. ૫: ઈલોન મસ્ક વિશ્વના પ્રથમ ટ્રિલિયોનેર બનવાની અણી પર છે - અને ટેસ્લાના રેકોર્ડ-બ્રેકિંગ પેકેજમાંથી એક પણ ડોલર વસૂલ્યા વિના તેઓ આ સ્થાને પહોંચી શકે છે.

ટેસ્લા અને સ્પેસએક્સના સીઈઓની વ્યક્તિગત સંપત્તિમાં એટલી ઝડપથી વિસ્ફોટ થયો છે કે વિશ્લેષકો હવે કહે છે કે તેઓ આ વર્ષના અંતમાં 1 ટ્રિલિયન ડોલરની નેટવર્થની સીમા પાર કરી શકે છે ભલે તેમનો વિવાદાસ્પદ નવો ટેસ્લા પે પેકેજ હજી તેમને મળ્યો નથી. આ રકમ વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ માટે એક અદભૂત સીમાચિહ્નરૂપ છે, જેમની સંપત્તિ રાજકીય ઉથલપાથલ અને તેમના ફેલાયેલા બિઝનેસ સામ્રાજ્યમાં વ્યાપકપણે ભિન્ન સફળતાઓ વચ્ચે ખૂબ વધી છે. વોલ સ્ટ્રીટ જર્નલ દ્વારા ટાંકવામાં આવેલા અંદાજો અનુસાર, મસ્કની નેટવર્થ વધીને આશરે 726 બિલિયન ડોલર થઈ ગઈ છે, જે માત્ર એક વર્ષમાં બમણી કરતાં પણ વધુ થઈ ગઈ છે અને તેમને 'ફોર-કોમા ક્લબ' કહેવાતી ટ્રિલિયન ડોલર ક્લબની નજીક લાવી દીધા છે.તે ગતિને માત્ર ટેસ્લા દ્વારા જ નહીં, પરંતુ તેમની અવકાશ કંપની સ્પેસએક્સ (SpaceX) ના નાટકીય પુનઃમૂલ્યાંકન દ્વારા પણ વેગ મળ્યો છે, જેની કિંમત તાજેતરના સેકન્ડરી શેર વેચાણમાં 800 અબજ ડોલર જેટલી ઊંચી આંકવામાં આવી છે. મસ્ક કંપનીમાં આશરે 42% હિસ્સો ધરાવે છે, અને લાંબા સમયથી જેની અપેક્ષા છે તે પબ્લિક ઓફરિંગ (IPO), જે ઈતિહાસમાં સૌથી મોટા IPO માંનું એક હોવાની ધારણા છે, તે તેમના વ્યક્તિગત હિસ્સાને રાતોરાત ટ્રિલિયન-ડોલરના આંકડાને પાર કરાવી શકે છે. આ બધું મસ્કને ટેસ્લાના નવા મંજૂર કરાયેલા વળતર પ્લાનમાંથી કોઈ પણ ચુકવણી મળે તે પહેલાં થઈ રહ્યું છે.